
ડોન અને ડોનાએ બેટિંગ કરી



અલ પર્કિન્સ

ચિત્ર: બી. ટોબે




DON
THE FARM
THE SCHOOL
TO THE BASEBALL FIELD
THE POND
POST OFFICE & STORE
THE CHURCH
THE TWINS LIVE IN THIS HOUSE
DONNA

ડોન અને ડોનાએ
બેટિંગ કરી



અલ પર્કિન્સ
ચિત્ર: બી. ટોબે

ડેનિસ, ડગ્લાસ અને ડેરિક માટે



ડોન અને ડોના જોડિયા હતા.

ડોન છોકરો હતો.

ડોના છોકરી.

બંનેના કદ સરખા હતા.

એમનો અવાજ એકસરખો હતો.

બંનેની આંખો વાદળી, વાળ લાલ અને ..

બંનેના ચહેરા પર નાના કથ્થઇ ડાઘ (ફ્રેકલ્સ) ની સંખ્યા પણ સરખી હતી.

પૂરા 23.


ડોન છોકરાના કપડાં પહેરતો હતો


અને એના વાળ નાના હતા.

ડોના છોકરીઓના કપડાં પહેરતી હતી

અને એના વાળ લાંબા હતા.

એ બંનેમાં એટલો જ ફર્ક હતો.





ડોનને બેઝબોલ રમત બહુ ગમતી હતી.

એ રોજ ઘરની બહાર જતો

અને એનો બોલ દીવાલ પર ફેંકતો.



એ એવું નાટક કરતો જાણે એ એવો ફટકેબાજ હતો
જેણે દડાને જોરથી ફટકાર્યો છે.
ત્યારે એ દોડતો
અને સરકીને બેઝ (મૂળ સ્થાન) પર પહોંચી ગયો છે.



ડોનના જન્મદિવસે
એની જોડિયા બહેને એને એક અદ્ભૂત ભેટ આપી.
એણે ડોનને એક સાચો બેઝબોલનો પોશાક,
એક દડો, એક બેટ, હાથના મોજા અને
એક બેઝબોલની ટોપી આપ્યા.

ડોન બહુ ખુશ થયો,
એટલો ખુશ કે એ એની ભેટને
રોજ રાતે સૂતી વખતે
પોતાની સાથે લઈને સૂતો.





એ હંમેશા સ્વપ્ના જોતો કે એ
એક વાસ્તવિક બેઝબોલ ટીમમાં રમી રહ્યો છે.

બીજી ઘણી છોકરીઓની જેમ
ડોનાને બેઝબોલ રમતા આવડતું ન હતું.
એટલે ડોને એને રમતા શીખવ્યું.





ડોના થોડા સમયમાં એના ભાઈ
જેટલી સ્ફૂર્તિથી દોડવા લાગી.





ડોને એને બીજા છોકરાઓની જેમ
દડો ફેંકતા શીખવ્યું.

એણે શીખવ્યું કે બેઝ સુધી
સરકીને કેવી રીતે પહોંચવું.





એણે એને બેટ પકડતા
શીખવ્યું

...અને પ્લેટ પર (બેટિંગ
માટે તૈયાર) ઉભા રહેવાનું
પણ.

પણ ડોનાને બેટિંગ પસંદ ન હતી.
જયારે એનો ભાઇ
એની તરફ દડો ફેંકતો...



...તો એને બહુ ડર લાગતો
અને એના ઘૂંટણ કંપવા લાગતા.

એ એની આંખો કસીને બંધ કરી દેતી
અને પછી બેટને
દડાને મારવા માટે ફેરવતી.

અને ઘણું કરીને ચુકી જતી.

પણ એને ડોનને
બોલ ફેંકવાનું ગમતું હતું.
અને દડાને પકડવા માટે એની પાછળ
દોડવાનું પણ.





ખાસ કરીને જયારે એ
દડાને ડોનાના માથાથી
પણ વધારે ઊંચેથી
મારતો હતો.

પણ થોડા સમયમાં ડોના સાથે
બેટિંગ કરવાથી ડોન કંટાળી ગયો.
એ છોકરાઓ સાથે રમવા ચાહતો હતો.
એ એક વાસ્તવિક ટીમમાં,
વાસ્તવિક રમત રમવા ચાહતો હતો.





એટલે એક દિવસ એ કૂદીને
એની સાઇકલ પર બેસી ગયો
અને રમતના મેદાન પર ગયો.

એણે ડોનાને
ઘરે છોડી દીધી,
સાવ એકલી.





પછી જયારે એ ઘરે પાછો ફર્યો,

તો એ બહુ ખુશ અને ઉત્સાહમાં હતો.

ડોનાએ પૂછ્યું:

" શું છોકરાઓએ તને

એની સાથે રમવા દીધો?"

"ચોક્કસ રમવા દીધો," ડોને કહ્યું.

"અને એ લોકોએ મને એની ટીમનો

કપ્તાન પણ બનાવી દીધો છે.


અમારી ટીમનું નામ ઓલ-સ્ટાર્સ છે.

હું રોજ એની

સાથે રમવા જઈશ."



એટલે ડોન રોજ
એની ટીમ સાથે પ્રેક્ટિસ કરવા જવા લાગ્યો.
એક દિવસ શહેરના બીજા ભાગમાંથી
એક ટીમ આવી.



"અમે રેડ્સ છીએ," એમણે કહ્યું.
"અમને તમારી ટીમ સામે રમવું છે.
નળગર (પ્લમ્બર) મિસ્ટર વોલ્ટર સ્મિથ
જીતવાવાળી ટીમના કપ્તાનને
એક મોટો ચાંદીનો કપ ઇનામમાં આપશે."





પણ જે સવારે આ બહુ મહત્વપૂર્ણ
મેચ રમાવાની હતી,
ડોન ભયાનક શરદી સાથે જાગ્યો.
ડોક્ટર આવ્યા અને બોલ્યા,
"આજે તું બેઝબોલ જરાય રમી શકીશ નહીં."

"તારે આજે પથારીમાં જ સૂઈ રહેવાનું
છે."



ડોનનું દિલ તૂટી ગયું.
ડોનાનું પણ.



"તું મારી સાઇકલ પર સવાર થઈને
મારો બધો સામાન રમતના મેદાનમાં લઈ જા,"
ડોને ડોનાને કહ્યું. "કદાચ બીજો કોઈ છોકરો
એ વાપરી શકે."



એટલે ડોના બધો સામાન બહાર લઈ
આવી અને સાઈકલની નાની ટોકરીમાં
એને રાખવાની કોશિશ કરી.
પણ ટોકરી બહુ નાની હતી.
બધું વિખેરાઈને ધરતી પર પડી ગયું.



ત્યાં ડોનાને એક વિચાર આવ્યો!
એણે ડોનનો બેઝબોલ પોશાક
પોતાના કપડાં પર પહેરી લીધો.
ડોનની બેઝબોલ ટોપી
એના વાળની ઉપર પહેરી લીધી.
એવી રીતે એ બધું લઈ જઈ શકતી હતી.



હવે એ સાવ ડોન જેવી દેખાવા લાગી.
ડોન જેવો લાગતો હતો, એનાથી પણ વધારે ડોન જેવી!
પણ એને એની ખબર ન હતી.



અહીં રમતના મેદાનમાં બેઝબોલની
રમત શરુ થઈ ગઈ હતી.
"ડોન ક્યાં છે?" બધા પૂછવા લાગ્યા.
"એ અહીં હાજર કેમ નથી?"





જયારે ડોના રમતના મેદાનમાં પહોંચી
તો બધાને લાગ્યું કે ડોન આવી ગયો છે.
એમણે ખુશી વ્યક્ત કરી અને તાળીઓ પાડી.
ડોનાને કંઈ બતાવવાનો-જણાવવાનો સમય જ ન મળ્યો.




"ડોન, તું મોડો આવ્યો છે!"
અમ્પાયરે એને ઠપકો આપ્યો.
"ત્યાં જા,
તારી ટીમ પાસે!
જા અને બેટિંગ કર!"

ડોના પ્લેટ પર ગઈ.
એ બહુ ગભરાયેલી હતી.
એણે એની આંખો કસીને બંધ કરી,
અને બોલ તરફ બેટ ફટકાર્યું.
અને એ ચૂકી ગઈ!



ત્રણ વાર એણે દડાને મારવાની કોશિશ
કરી, પણ અસફળ રહી.
અને એ બેટિંગમાંથી બહાર થઈ ગઈ.

પણ એનાથી ખાસ ફરક ન પડયો
કારણકે ઓલ-સ્ટાર્સની ટીમ
પહેલેથી થોડી આગળ હતી.
એનો સ્કોર હતો 2 અને રેડ્સનો હતો 0.



રમત આગળ વધી,
પણ ત્યાં કોઈ ભયંકર ઘટના
બની.

રેડ્સના બે ખેલાડી
બેઝ પર પહોંચી ગયા.



એના પછી એના બીજા
એક ખેલાડીએ દડાને
મારીને એને ઘણો ઊંચે
ઉછાળ્યો.

દડો આકાશમાં ઉપર, ઘણો ઉપર ગયો.




ડોના એને પકડવા માટે
દોડી...

...પણ સૂર્યનો પ્રકાશ એની આંખોમાં પડયો.




એને દડો દેખાયો
જ નહીં.

દડો પકડવાને બદલે
ડોનાથી દડો જમીન પર પડી ગયો!




ડોનાની ભૂલને લીધે
રેડ્સ એ ત્રણ રન બનાવી લીધા.



ડોનાની ભૂલને લીધે
રેડ્સ હવે એક રનથી આગળ હતા.



થોડી મિનિટોમાં
રમત પૂરી થવાની હતી.
આ આખરી દાવ (ઇનિંગ) હતો.
ઓલ-સ્ટાર્સ માટે આખરી મોકો.
ઓલ-સ્ટાર્સનો પહેલો ખેલાડી કંઈ કરી ન શક્યો.
ટોળાએ બૂ અવાજ કરીને નારાજગી વ્યક્ત કરી.



બીજો ઓલ-સ્ટાર્સ ખેલાડી પણ સફળ ન થયો.
ટોળાએ વધારે નારાજગી વ્યક્ત કરી.



ત્રીજા ઓલ-સ્ટાર્સ ખેલાડીએ દડાને માર્યો
અને એ પહેલા બેઝ તરફ દોડયો.



ઓલ-સ્ટાર્સ હજી જીતી પણ શકતા હતા
...જો આગલો બેટ્સમેન પણ દડાને ફટકારે.

પણ આગલો બેટ્સમેન ડોના હતી!

હવે તો એ હજી વધારે ગભરાયેલી હતી!

એને ખબર હતી કે એ દડાને

ક્યારેય મારી શકશે નહીં.

એ જાણતી હતી કે

ઓલ-સ્ટાર્સ હારી જશે,

માત્ર એટલા માટે કે એણે જણાવ્યું ન હતું કે એ એક છોકરી હતી.

તો પણ એ પ્લેટ પર ઉભી રહી.



પિચરે દડો ફેંક્યો

જે સીધો ડોનાના માથા તરફ આવ્યો!

ડોના ઝૂકી, એણે આંખો બંધ કરી,

અને બેટ ફેરવ્યું.




કોઈક રીતે બેટ દડા સાથે ટકરાયું.
અથવા દડો જ બેટ સાથે ભટકાયો!
અને દડો ઉછળ્યો!
"દોડ, ડોન, દોડ!" ટોળાએ જોરથી બૂમ પાડી.
"ડોન?" ડોનાએ વિચાર્યું.

"ઓહ, એમનો મતલબ હું છું!" અને એ દોડી.
એ પહેલા જેટલી ઝડપથી દોડી હતી
એનાથી પણ વધારે ઝડપથી દોડી.






એ પહેલા બેઝ તરફ દોડી અને બાકીના
બે ઓલ-સ્ટાર ખેલાડી બીજા બેઝ તરફ.
"દોડો!" ટોળાએ ફરી બૂમ પાડી.




ડોના બધા બેઝ પાર કરતી રહી.

બાકીના બંને ઓલ-સ્ટાર ખેલાડી
હોમ પ્લેટ પર પહોંચી ગયા.
હવે સ્કોર બરાબર થઈ ગયો હતો ...
બંને ટીમ હવે 3 - 3 પર હતી.



પણ શું ડોના પણ ત્યાં પહોંચી શકતી હતી?
રેડ્સના ડાબી બાજુના ફિલ્ડરે
દડો ઉઠાવી લીધો હતો.
એ એને હોમ પ્લેટ તરફ ફેંકવાનો જ હતો.
ડોનાને દડાની પહેલા
ત્યાં પહોંચવાનું હતું.


"સરક!" બધાએ બૂમ પાડી.



ડોના સરકી - એવી જ રીતે
જેવી રીતે એના ભાઇએ એને શીખવ્યું હતું.



"સુરક્ષિત!" એમ્પાયરે ફેંસલો સંભળાવ્યો.
"હુર્રે!" દર્શકોએ ચીસ પાડી.
ડોનાએ ઓલ-સ્ટાર્સ માટે
રમત જીતી લીધી હતી.



ટીમના ખેલાડીઓએ ડોનાને ઘેરી લીધી.
એ હસી રહ્યા હતા, અને જોશમાં બૂમો પાડી રહ્યા હતા.



પણ ડોના હસી રહી ન હતી.
એને ડર હતો કે કોઇ એની ટોપી ઉતારી લેશે અને બધાને ખબર પડી જશે કે એ એક છોકરી છે.

એ એના હાથ અને ઘૂંટણ પર નીચે ઝૂકી અને ખેલાડીઓની વચ્ચેથી સરકી ગઇ.



એ ડોનની સાઇકલ પર કૂદી
અને ઘર તરફ જવા લાગી.



પણ ટોળાએ એને જતા જોઇ
લીધી.

"જુઓ, ડોન જઇ રહ્યો છે!"
ટોળાએ ચીસ પાડીને કહ્યું.

એ બધા ડોનાની પાછળ દોડયા.

જેવી એ ઘરે પહોંચી,
ડોના ભંડકિયામાં સંતાઇ ગઇ.



ટોળું પીછો કરતું ઘરમાં ઘુસ્યું.

"અમને ડોન જોઇએ છે!" એ જોરથી બોલ્યા.



"હું અહીં ઉપર છું," ડોન બોલ્યો.

ડોન એને ઉપર પલંગમાં સૂતેલો મળ્યો.
એમણે વિચાર્યું કે એ રમીને
થાકી ગયો છે.

નળગર મિસ્ટર વોલ્ટર સ્મિથે ડોનને
એ સુંદર રૂપેરી કપ આપ્યો.

ડોન ચાહતો હોત તો બધાને એ વિચારવા દઈ શકતો હોત કે રમત એણે જ જીતી છે.

પણ એણે સાચું કહ્યું.


"હું તો આખો દિવસ અહીં જ હતો," એ બોલ્યો.

"એ જરૂર ડોના હશે,
જેણે રમત જીતી છે."

"એ છે ક્યાં?"



હવે બધા ડોનાને શોધવા લાગ્યા.
એમણે પલંગની નીચે જોયું.



દરવાજાની પાછળ શોધી.



પડદાની પાછળ ઝાંક્યુ.





આખરે એને ડોના મળી ગઇ...

...એ ભંડકિયાના કબાટમાં સંતાઇ ગઇ હતી.

એમણે ડોનાને બહાર ખેંચી,
અને નળગર મિસ્ટર વોલ્ટર સ્મિથે
એને એ મોટો, સુંદર રુપકડો કપ આપ્યો.



પણ ફક્ત એટલું જ ન થયું...
ઓલ-સ્ટાર્સે ડોનાને
પોતાની ટીમની મેનેજર બનાવી દીધી.



હવે એને બેટિંગ કરવી પડતી નથી,
પણ એ દરેક રમતમાં જાય છે.
બધી જવાબદારી હવે એને માથે છે.

એ બધાની દેખભાળ કરે છે...
બેઝબોલના બધા બેટની...




બેઝબોલના બધા દડાની...





...અને બધા બેઝબોલના હાથમોજાની...

દડો પકડવાવાળાના
રક્ષણાત્મક
માસ્કની...



...અને પાણીની
બાલદીની પણ.



ડોના બધી રમતમાં સ્કોર પણ રાખે છે.



ઓલ-સ્ટાર્સ વધારે મોટા અને

સુંદર કપ જીતતા જાય છે.




આ વર્ષે એણે

23 કપ જીત્યા છે...

આ એજ સંખ્યા છે જે ડોન અને
ડોનાના ચહેરા પરના નાના કથ્થઇ
ડાઘ (ફ્રેકલ્સ) ની સંખ્યા છે!


TO
BASEBALL
FIELD


DON
THIRD BASEMA
THIRD BASE
PITCHER
BATTER
PITCHER'S MOUND
UMPIRE
CATCHER
HOME PLATE
THE BASEBALL FIELD
LEFT FIELDER
CENTER FIELDER
SHORTSTOP
SECOND BASE
RIGHT FIELDER
SECOND BASEMAN
FIRST BASEMAN
FIRST BASE
DONNA